# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





### ૬૫. પૂ. સવિતાબેન પટેલ (સબોબેન)

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. નર્મદાબેન |
| પિતાનું નામ | : | પૂ. સવજીભાઇ |
| ભાઇ | : | પૂ. કરસનભાઇ, પૂ. નરસિંહભાઇ, પૂ.ચુનીભાઇ |
| બહેન | : | પૂ. ક્રિષ્નાબેન, પૂ. પુષ્પાબેન, પૂ. અરૂણાબેન |
| મૂળ ધર્મ | : | વૈષ્ણવ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ ૪ |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૦-૦૮-૧૯૬૯ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૫૬ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઈ સેવા કરવી, દિવ્યભાવ રાખી ખમવુ. હું કાંઈ નથી એ ભાવ રાખી મુક્તો આગળ જીવવું.**

પૂ.સવિતાબેનનો જન્મ સુખી અને સંસ્કારી કુટુંબમાં થયો હતો. સવિતા તો ચાર ચોપડી ભણતાં થાકી ગઈ. ભાઈઓ વધુ અભ્યાસ માટે શહેરમાં ગયા. તેથી સવિતાએ પિતાને ખેતીના કામમાં મદદ કરવા માંડી ને પોતાના સાથીદાર તરીકે મૂળી નામની એક છોકરીને રાખી. ખેતરમાં એક બા પણ કામ કરતાં હતાં એમની વાતો સાંભળી સવિતા વિચારે ચડી જાય કે, ‘ક્યાં હશે ને કેવા હશે ભગવાન ? ઘણા

ભક્તોને મળ્યા એમ મને ક્યારે મળશે ? આકાશ સામે જોઈને કહેતી સાદ કરો, બોલાવો મને, પાસે બેસાડો મને ક્યાં છો તમે ?' પેલા બા કહે, 'સવિ ભોળાના ભગવાન હોય. ભોળા માણસોને એ વહેલાં મળે છે.' આથી તેને આશાનું એક પગથિયું બંધાયું. હે જીવ ! ધરપત રાખજે એક દિવસ તને પણ ભગવાન મળશે ને નામ દઈ બોલાવશે, સવિ તું આવી ! એમ કહેશે ને રાજી થશે. કુટુંબમાં વૈષ્ણવ ધર્મ એટલે શ્રીકૃષ્ણના પદ એ ખુલ્લા આકાશ નીચે ખેતરમાં ગાતી ને કાન માંડીને સાંભળે પણ ખરી કે કોઈ એને પણ સાદ કરીને બોલાવે છે ? ને શ્રીકૃષ્ણની મૂર્તિને વિનવતા રડી પડતી. આવી તાલાવેલીમાં ત્રણ વર્ષ વીતી ગયા. સવિતા ૧૫ વર્ષની થઈ.

એવામાં એમનું કુટુંબ પ્રવાસે નીકળ્યું. બે – ત્રણ મહિના વીતી ગયા. તેમાં એક રાતે સ્વપ્નું આવ્યું. તે સ્વપ્નું ભૂલ્યું ભૂલાય નહીં, વન વગડે બધા ફરવા ગયેલા ને તેમાંથી સવિતા છૂટ્ટી પડી ગઈ. જંગલમાં માર્ગ શોધતાં – શોધતાં પગમાં ઠેસ વાગી ને પથ્થર જરા ખસ્યો અને અજવાળું દેખાયું. એ શું હશે એ જોવા સવિતાએ નમીને હાથ વડે પથ્થર ખસેડ્યો તો અંદર પગથિયાં છે, માર્ગ છે, અજવાળું છે સવિતા એ પગથિયાં ઉતરી ગઈ. એક ઓરડામાં હિંડોળા ખાટ પર બિરાજેલા પ્રભુ જોયા. બંનેની દ્રષ્ટિ મળી. પ્રભુ હિંડોળેથી ઉતરીને સવિતાની સામે દોડી આવ્યા. વારંવાર વિનવેલી મૂર્તિ પ્રત્યક્ષ થઈ. એમણે એનો હાથ ઝાલ્યો ને હિંડોળા પર બેસાડીને કહ્યું, તેં મને બોલાવ્યો ! મને મળવાની ઈચ્છા પ્રબળ કરી તો હું આ રહ્યો. મારે પણ તને મળવું છે. સવિતાએ પૂછ્યું, 'તમારી આ જગ્યા ચૌદભુવન છે ?' પ્રભુએ કહ્યું, 'સવિતા તારે એ જોવા છે ને ?' એમણે સવિતાના ખભે હાથ મૂક્યો ને બંને ફરવા લાગ્યા. પછી પેલા પગથિયાં આગળ મૂકી ગયા ને કહે, 'હવે તું પાછી જા.' એ બહાર આવીને પથ્થર એની મેળે પાછો મૂકાઈ ગયો. સવિતાને થયું એનું આત્મલગ્ન થઈ ચૂક્યું ને ભગવાન એના ભરથાર થયા.

ઘરે જઈને એક ગોખમાં સવિતાએ મનથી ભગવાનની સ્થાપના કરી, 'તમે અહીં રહેજો ને દર્શન દેજો. ને જીવનમાં પણ સ્વપ્નની જેમ પ્રત્યક્ષ થાજો.' ખેતરે નાની બહેન પુષ્પાને વિશ્વાસમાં લીધી ને કહ્યું, 'મને હવે સંસારમાં રસ રહ્યો નથી. ભગવાન ભજવા એ જ નિશ્ચય છે.' નાની બેનના હ્રદયમાં પણ નવું બીજ રોપાયું

કે, જે સવિતા કરશે તે જ હું કરીશ ને જે એનું થાશે તે મારું થાશે. સવિતા ૧૮ વર્ષની થઈ. એક દિવસ તેના લગ્નની કંકોત્રી લખાઈ. વેકેશનમાં ભાઈઓ ઘરે આવ્યા એમની આગળ સવિતાએ પોતાનું મન ખોલી નાખ્યું કે, 'મારે લગ્ન નથી કરવા મારું લગ્ન તો થઈ ગયું છે. હું તો વિઠ્ઠલવરને વરી ચૂકી છું.' ભાઈઓ કહે, 'બેન તેં મોડું કીધું કંકોત્રીઓ નીકળી ગઈ.' સવિતા કહે, 'એટલે મારે લગ્ન કરવાના એમને ! તો હું જઈશ ને માનજો કે આ ખોળિયું જ ત્યાં જશે. હું તો ભગવાનમાં જ રહીશ.' ભાઈઓ અકળાઈ ગયા. તેઓ કહે, 'બેન કાંઈ અવિચારી કર્મ ના કરીશ.' પિતાએ પણ કહ્યું, તું દુઃખી થઈશ નહીં ને બીજાને દુઃખી કરીશ નહીં. સવિતાએ પણ વચન આપ્યું કે, 'હું કોઈને દુઃખી નહીં કરું.' જાન આવી ને સવિતાએ પ્રાર્થનાથી પ્રભુ સંગે તાર જોડી દીધો કે, 'પ્રભુ મેં તો તમ સંગાથે પ્રીત કરીને લગ્ન પણ કર્યા ને આત્મા તમારામાં જોડાયો ને દેહ પણ તમને સોંપી દીધો.' લગ્નની વિધિ પછી સવિતાના બાએ નાળિયેર ફોડ્યું ને આઘાત પહોંચ્યો ને અપશુકન થયા. ગાડાં ને બળદ જોડેલા. સવિતાએ ઉંચા થઈ જોયું તો એની આગળ પ્રભુને ચાલતા જોયા એને નિરાંત થઈ કે, ઘરે પહેલાં પ્રવેશ પ્રભુનો થશે.

સવિતા ઘરે ગઈ પણ સવિતાનો સત્કાર કોઈએ ના કર્યો. પાણી પીવા ન આપ્યું, તો જમવાનું તો પૂછે જ કોણ ? સૌની આસક્તિ સવિતામાંથી પાછી ખેંચાઈ ગઈ. એણે મનથી સંદેશો મોકલ્યો કે, 'પ્રભુ ! તમે આવો ને મને લઈ જાવ.' ત્રણ દિવસ વીતાવ્યા. સવાર પડતાં જ એક ભિખારણ આવી ને એને પાસે બોલાવીને એની સાથે બાપુજીને સંદેશો મોકલ્યો કે, દીકરી દુઃખી છે આવીને લઈ જાવ. તે વખતે વિદ્યાનગરવાળા સવિતાના ફોઈ ગંગાભાભી ત્યાં આવેલા. સંદેશો મળતાં જ બા ને ફોઈ આવ્યા ને કહ્યું કે, સગાંમાં લગન છે દીકરીને મોકલો. ઘરે આવીને સવિતાએ બધી વાત કરી ફોઈએ કહ્યું કે, 'ચાલ હું મારી સાથે તને વિદ્યાનગર લઈ જાઉં ત્યાં બહેનો ભગવાન ભજે છે ત્યાં તેમનો આશ્રમ છે. ત્યાં પપ્પાજી છે.' સવિતાએ પૂછ્યું કે, 'પપ્પાજી કોણ ?' ફોઈએ કહ્યું કે, 'સંસ્થાના ગુરૂ છે.' સ્વામિનારાયણ સંપ્રદાય, બહેનો અને પપ્પાજીના માહાત્મ્યની વાતો કરી. ને સવિતાને જ્યોતમાં જવાનું થયું. પછી સવિતા વિદ્યાનગર જ્યોતમાં આવી. ત્યાં સ્વયં પ.પૂ. પપ્પાજી જ મળ્યા ને જ્યોતનો દરવાજો બતાવ્યો. પ.પૂ.બાએ કંઠી

પહેરાવી ને મંત્ર તથા માળા આપ્યાં. પૂ. દીદી મળ્યાં. વાતચીત કરી.

સવિતા તેને ગામ પાછી આવી. ગામમાં પંચ ભેગું થયું તેમાં ૨૦૦ જેટલા પુરુષો ભેગા થયા. ત્યારે તેમના ભાઈઓ હાજર ન હતા. ફક્ત પિતાશ્રી હતા. સવિતા ત્યાં ગઈ એના હાથમાં માળા ને હોઠે સ્વામિનારાયણનું નામ. પવિત્રતાનું તેજ પ્રકાશી ઉઠ્યું. ને સૌ જીતાઈ ગયા. સૌને સ્પષ્ટ વાત કરી કે, 'મેં મારું સ્થાન શોધી લીધું છે. વિદ્યાનગર ગુણાતીત જ્યોતની બહેનો સાથે ભગવાન ભજવા જવાની છું.' માળા સાથે હાથ ઉંચો કર્યો. એની મક્કમભરી વાણીની અસર સૌના પર પડી. સાસરી પક્ષે કહ્યું, 'અમે જ છૂટ્ટા થવાનું કહીએ છીએ.' સૌને હાશ થઈ ગઈ.

૧૯૬૯માં કાષાંબરી દીક્ષા લીધી. સવિતા જ્યોતમાં આવી ને વિદ્યાનગર જોગીબાપા પધાર્યા. બધા બહેનો તેમના દર્શન કરવા ગયા પણ પપ્પાજી ન આવ્યા. સવિતાને થયું, પપ્પાજી કેમ નહીં આવ્યા હોય ! ને તેને પપ્પાજી અને યોગીજીની એકરૂપતાના દર્શન થયા. આમ સવિતાના જીવમાં ૧૯૬૯માં દ્રષ્ટારૂપે ગુરૂહરિ પપ્પાજીએ સ્થાન લીધું ને તે અખંડ સૌભાગ્યવંતી બની. આમ વિશ્વાસ ને શ્રધ્ધા સાથે શોભનાબેન જેવાને આદર્શ રાખી સાધનાના સોપાન સર કરવા લાગી.

જ્યોતમાં રસોડાની ટુકડી મળી. આવડત ઓછી પણ ભજન કરે ને પપ્પાજીને પોકાર પહોંચે. પપ્પાજી આવીને ઉભા રહ્યા ને પૂછયું, 'મારું શું કામ પડ્યું ?' સબોબેન કહે, 'કામ કરું છું, કંટાળો નથી આવતો પણ આવડત ઓછી છે.' પપ્પાજી કહે, 'ભજન કર્યા કરવું.' જ્યોતમાં અંગ્રેજી, હિંદી, સંસ્કૃતના, ગુજરાતીના વર્ગો ચાલે. સબોબેન ત્યાં પણ બેસીને પ્રાર્થના કરે, 'આ પણ નથી આવડતું, શું કરું ?' એક દિવસ પપ્પાજી ત્યાં પધાર્યા ને કહે, 'શીખી શીખી ને સૌએ બ્રહ્મવિદ્યા જ શીખવાની છે.' ને શાંતિ થઈ ગઈ. ત્યાર પછી પપ્પાજીએ સબોબેનને કોઠાર સોંપ્યો.

એક દિવસ કોઠારમાં ગોળના રવા આવ્યા. એ ભાંગીને ભરવાના. ઘરે તો ઘી ગોળ છૂટથી ખાધેલા. ગોળ જોઈને ખાવાનું મન થયું. મોંમા પાણી છૂટ્યું પણ એક કાંકરી પણ ગોળની મોંમા ન મૂકી. સભાના સમયે પપ્પાજી કોઠારમાં આવ્યા.

સબોબેનના હાથમાં ગોળનો ડબ્બો હતો તે જોઈને કહ્યું, 'તેં આજે મનને બહુ માર્યું. ચાલ, હવે ગોળ ખાઈ લે. જોઉં કેટલો ખાઈ શકે છે !' આગ્રહ કરીને ગોળ ખવડાવ્યો. જતાં – જતાં બોલ્યા, 'સબો આજથી તારો સ્વાદ ગયો. તારા સ્વાદના રસ છૂટી ગયા તેમ માન અપમાન પણ ગયા. હવે માઠું નહીં લાગે. સબો તારા લોભને મોહ પણ છૂટી ગયા.' કોઠારની સાથે સાથે સબોબેનને પોતાના આરામના સમયે ટોયલેટ સાફ કરવાની પણ સેવા હતી. ગમે તેટલું સરસ સાફ કરે તો પણ હેડ ભૂલ કાઢ્યા જ કરે. એક દિવસ કંટાળીને અંદરથી સ્ટોપર મારીને ટોયલેટ ઘસતાં હતાં ને મનમાં વિચારે કે, આજે ભગવાન પણ ઉનાળાની ગરમીમાં મારી સાથે ટોયલેટ ઘસે. થોડીવાર થઈ ને ટોયલેટના બારણાં પર ટકોરા પડ્યા. સબોબેને ના ખોલ્યું. બે-ત્રણ વખત ટકોરા પડ્યા એટલે કહ્યું, 'હમણાં આ ટોયલેટ ઘસાય છે એટલે નહીં ખુલે. બીજાં ખુલ્લાં ટોયલેટમાં જાવ.' છતાંય ટકોરા પડતાં જ રહ્યાં. ખોલ્યું તો સ્વયં પપ્પાજી જ ઉભા હતા ને કહ્યું, 'બહુ થાકી જવાય છે નહીં ?' એમ પૂછીને ચાલ્યા ગયા. ટોયલેટની સફાઈ સબોબેન કરતા હતા ને તેમના અંતરની સફાઈ પ્રભુ કરતા હતા.

આમ સદ્યસિધ્ધ માર્ગે સાધના કરી પરમ ભાગવત સંત બની ગયાં. તેમણે કોઠાર તેમજ સાંકરદા સેન્ટર પર ૧ ૨ વર્ષ સેવાનું યોગદાન આપ્યું છે. આજે ઉતારા પાગરણની સેવામાં સૌ હરિભક્તોની સગવડ સાચવી રહ્યાં છે. સૌ સ્વરૂપોને નિશ્ચિંત કરી પ્રસન્નતાના પાત્ર બન્યાં છે.

એવા સબોબેનને સહુ સાધકોના કોટિ કોટિ પ્રણામ !!!



## ૬૬. પૂ. ભાનુબેન જસાણી

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૪-૦૪-૧૯૫૦ |
| જન્મ સ્થળ | : | માણાવદર |
| મૂળ વતન | : | માણાવદર |
| માતાનું નામ | : | પૂ. મણીબેન |
| પિતાનું નામ | : | પૂ. જસમતભાઇ |
| ભાઇ | : | પૂ. નરેન્દ્રભાઇ, પૂ. યોગેશભાઇ |
| બહેન | : | પૂ. વજીબેન, પૂ. રાજુબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ કડવા પટેલ |
| અભ્યાસ | : | મેટ્રીક |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૯-૦૯-૧૯૬૯ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૫૮ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : કોઈપણ પ્રસંગે આનંદમાં રહેવું.**

પૂ.ભાનુબેનનો જન્મ પ્રત્યક્ષની નિષ્ઠાવાળા કુટુંબમાં થયો હતો. પ.પૂ.પપ્પાજીનો જોગ નાનપણથી જ હતો. ભાનુબેનના પિતા જસમતભાઇ અને નરસિંહફુવાની ભાગીદારીમાં દુકાન હતી એટલે પહેલેથી જ પૂ. હરિભાઇ રોજ રાત્રે તેઓના ઘરે જાય ને કથાવાર્તા કરે.

ભાનુબેન પહેલેથી ખૂબ શૂરવીર અને હોંશિયાર. તેઓ મેટ્રિક

પાસ થયા છે. તેમને ભજનો ગાવાનો ખૂબ જ શોખ. એક વખત તેમના ઘરે પપ્પાજી પધાર્યા ત્યારે તેમણે બુલંદ અવાજે 'સર્વસ્વ મારૂં જે માન્યું ....' ભજન ગાયું તો પપ્પાજી અને પૂ. જ્યોતિબેન રાજી થઇ ગયા. રોજ રાત્રે હિંચકા પર બેસીને ભજનો અને ચેષ્ટા ગાય. એ ગાય ત્યારે બધાં પાડોશીઓ ભેગાં થઇ જાય. આજે પણ માણાવદરમાં બધાં પાડોશીઓ એમને યાદ કરે છે. ભાનુબેન ચીજ વસ્તુને ખૂબ ચીવટાઇ અને ચોક્સાઇથી સાચવે. એમ કરતાં–કરતાં ભાનુબેન જ્યોતમાં આવ્યાં. ૧૯૬૯માં કાષાંબરી દીક્ષા મળી. ને ૧૯૬૯માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. તેઓએ સફાઇમાં માહાત્મ્ય અને ખપથી ખૂબ સેવા કરી છે. પૂ. જસુબેનને ગુરૂપદે સ્વીકારી માહાત્મ્યથી સુખભરી સાધના કરી ગુરૂહરિ અને ગુરૂનો રાજીપો લીધો છે.

સાધના દરમ્યાન વિશ્વાસના અંગે સાધના કરી અને 'કોઇપણ પ્રસંગે આનંદમાં રહેવું' એ સૂત્રને આત્મસાત કર્યું છે. પૂ. સવિબેન જી. પણ ભાનુબેનને ગમે ત્યારે ભજનો ગાવા બોલાવે. આમ ભજન ગાઇને સવિબેનનો રાજીપો લીધો છે.

ભાનુબેને ઘર છોડ્યા પછી કોઇ દિવસ સગાં વહાલાંની વાત સાંભળી નથી, સગાં વહાલાં માટે ભજન કર્યું નથી પણ ભગવાન ઓળખી લે એ માટે ભજન કરે છે. ભાનુબેનના મુખે કોઇ દિવસ ઘસારાની વાત સાંભળવા ન મળે. અને તેમની પાસે કોઇ ઘસારાની વાત બોલે તો પણ તે ચલાવી ન લે. આમ, તેઓ સ્પષ્ટ વક્તા છે સાથે–સાથે સંબંધીનું માહાત્મ્ય પણ ખૂબ જ છે. અત્યારે તેમની તબિયત સારી રહેતી નથી છતાં પણ તેમનો અંતરનો આનંદ ક્યારેય જતો નથી ને પપ્પાજીનો સિધ્ધાંત પાળે છે.

એવા ભાનુબેનને અમ સહુના પ્રેમે વંદન !!!